Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# ‘તોત્તો-ચાન’માંનાં બાળકેન્દ્રી શિક્ષણના વિચાર બિંદુઓ

પંકજ જે. વાઘેલા
શિક્ષણ સહાયક, સરદાર પટેલ વિદ્યાલય, બામણગામ-ગંભીરા, તા. આંકલાવ, જિ. આણંદ.મો. ૯૯૯૮૯૩૦૨૯૯.ઈ-મેલ: pjvaghela1986@gmail.com

**સારાંશ** :

કોઈપણ રાષ્ટ્રના, સમાજના અને બાળકના સર્વાંગી ઘડતરનો આધાર તે રાષ્ટ્રની કેળવણી પર અવલંબે છે. દુનિયાના અગ્રતાક્રમ ધરાવતા દેશોમાં પ્રાથમિક શિક્ષણ અને બાળકેન્દ્રી શિક્ષણ પર વધારે ભાર મૂકવામાં આવે છે અને બાળકોને સારું શિક્ષણ મળી રહે તે માટે ઉત્તમ સગવડ આપવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણ એ આપણી શિક્ષણ વ્યવસ્થાની ઇમારતનો પાયો છે. બાળકેન્દ્રી શિક્ષણનો હેતુ બાળકનો શારીરિક, માનસિક, સામાજિક, રચનાત્મક તેમજ ભાવાત્મક વિકાસ કરવાનો છે. બાળકેન્દ્રી શિક્ષણ એટલે બાળકને મુખ્ય સ્થાને રાખીને શિક્ષણ આપવું. દરેક બાળકની બુદ્ધિ, રસ-રુચિ, ઝડપ અધ્યયનશૈલી વગેરે ધ્યાનમાં રાખીને જે તે પ્રવૃત્તિ યોગ્ય બાળકને તેની ક્ષમતા મુજબ સોંપવામાં આવે છે. પ્રાથમિક કક્ષાએ બાળકનું ખૂબ જ મહત્ત્વ છે. જ્યારે શિક્ષણ પ્રક્રિયાને ગૌણ માનવામાં આવે છે. બાળકના વ્યક્તિત્વને સહજતાથી વિકસાવવાને બદલે આજે માત્ર વિષયલક્ષી અને પરીક્ષાલક્ષી જ શિક્ષણ આપવામાં આવે છે. 'તોત્તો-ચાન' નવલકથા બાળકના સારા સ્વભાવને કાળજીથી ખીલવવાનો વિચાર રજૂ કરે છે. જેથી બાળક બધાની વચ્ચે પોતાના આગવા વ્યક્તિત્વ સાથે વિકસતું રહે. પ્રસ્તુત લેખમાં બાળકેન્દ્રી શિક્ષણને લાગતાં વિવિધ પાસાંઓ પરના વિચારો અને વ્યવહારોનો વિશ્લેષણાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે.

**ચાવીરૂપ શબ્દો** : સર્વાંગી ઘડતર, પ્રાથમિક શિક્ષણ, બાળકેન્દ્રી શિક્ષણ, વ્યક્તિત્વ

**પ્રસ્તાવના** :

પોલેંડના નામાંકિત કેળવણીકાર યાનુશ કોર્ચાક વોર્સોમાં યહૂદીઓની વાડાબંધીના વિસ્તારમાં અનાથાલયના સંચાલક હતા. હિટલરપંથીઓએ કમનશીબ બાળકોને ત્રેમ્બલિંકની ભઠ્ઠીઓમાં બાળીને મારી નાખવાનો ફેંસલો કર્યો. તે પહેલા કોર્ચાક સામે બે વિકલ્પો મૂક્યાં; "કાં તો તારે બાળકો વગરની જિંદગી જીવવાની અથવા તેમના અંજામમાં ભાગીદાર. " તેમણે જવાબ દીધો; "હું મારા અંતરાત્માની વિરુદ્ધ કૃત્ય નહીં કરું." પોતાના મોતની જરાય પરવા કર્યા વગર બાળકો સાથે અગ્નિમાં હોમાઈ ગયા અને બાળકોની નજરમાં ખરી માનવતાનું પ્રતીક બની રહ્યા. વર્તમાન સમયમાં યાનુસ કોર્ચાક જેવા બાળકોને દિલ આપનારા સમર્પિત સંચાલકો કે શિક્ષકો કેટલા ? પ્રાથમિક શાળાના શિક્ષકોએ જો બાળક માટે કેવળ જ્ઞાનનો દીવો જ નહીં, પરંતુ જીવનની ખરી કેળવણી આપનારા બોધદાતા બનવું હોય, તો તેમણે સતત પ્રેરણા આપતું પુસ્તક 'તોત્તો-ચાન'માંથી પસાર થવું રહ્યું ! અહીંયા પ્રસ્તુત પુસ્તકના અભ્યાસમાં શિક્ષણને

લગતા બાળવિકાસના સિદ્ધાંતો પરના વિચાર બિંદુઓનું વિશ્લેષણ અને અર્થઘટન કરવાનો ઉપક્રમ રાખેલ છે.

**સંશોધનના હેતુઓ :**

(૧) 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળકેન્દ્રી શિક્ષણના વિચાર બિંદુઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ કરવો.

(૨) 'તોત્તો-ચાન' કૃતિનો પરિચય મેળવવો.

**સંશોધનના પ્રશ્નો :**

(૧) 'તોત્તો-ચાન' કૃતિમાં નિરૂપિત બાળકેન્દ્રી શિક્ષણના વિચાર બિંદુઓ કેવાં હશે ?

(૨) 'તોત્તો-ચાન' કૃતિનો ઇતિહાસ શું હશે ?

**'તોત્તો-ચાન' કૃતિનો પરિચય :**

તોત્તો-ચાન 'બારીએ ઊભેલી બાલિકા'નું પ્રથમ પ્રકાશન ઈ.સ. ૧૯૮૨માં જાપાની ભાષામાં 'તેત્સુકો કુરોયાનાગી' નામની લેખિકા દ્વારા કરવામાં આવ્યું છે. 'તોત્તો-ચાન'ના ગુજરાતી અનુવાદક રમણ સોની છે. ગુજરાતીમાં પહેલી આવૃત્તિ ૨૦૦૧માં નેશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવી છે.

એક મહિલાએ લખેલું પુસ્તક બેસ્ટ સેલર બન્યું હોય એવી જાપાનની આ પહેલી ઘટના હતી. ઈ.સ. ૧૯૮૨ બાદ એક જ વર્ષમાં 'તોત્તો-ચાન'નો અંગ્રેજીમાં અનુવાદ પ્રગટ થયો, જેની ચાર લાખ નકલો વેચાઇ. ચીન, કોરિયા, પોલેન્ડ તેમજ ફિનલૅન્ડમાં પણ 'તોત્તો-ચાન'ના અનુવાદો પ્રગટ થયાં છે. ઈ.સ. ૧૯૮૨માં 'તોત્તો-ચાન'ની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઇ ત્યારે એ જ વર્ષે ૪૫ લાખ નકલો વેચાઇ અને એ આજ સુધીનું વેચાણ લગભગ ૬૦ લાખ સુધી પહોંચ્યું છે. જાપાની પુસ્તક પ્રકાશનના ઇતિહાસમાં વેચાણનો આ સર્વોચ્ચ વિક્રમ છે.

**'તોત્તો-ચાન' માં વ્યક્ત થતાં બાળકેન્દ્રી શિક્ષણના કેન્દ્રવર્તી વિચાર બિંદુઓ :**

બાળકનું યોગ્ય ઘડતર થાય તે રાષ્ટ્રની પાયાની જરૂરિયાત છે. માટે જ દિન-પ્રતિદિન બાળકેન્દ્રી શિક્ષણનું મહત્ત્વ વધતું ગયું છે. બાળકનો સર્વાંગી વિકાસ સાધવો હોય તો શાળામાં બાળકને કેન્દ્રમાં રાખીને અભ્યાસ કરાવવો જરૂરી થઇ પડે છે. બાળકનો સંપૂર્ણ વિકાસ સાધવામાં ઘર ઉપરાંત શાળાનો પણ અમૂલ્ય ફાળો રહેલો છે. બાળકને પ્રત્યક્ષ રીતે જ્ઞાન પૂરું પાડવામાં આવે છે, તેથી બાળકોની જ્ઞાનની ક્ષિતિજો ખૂલે છે. આ કક્ષાએ શિક્ષકનું અધ્યાપન કાર્ય બાળકની ક્ષમતા અને મર્યાદા અનુસાર હોવું જરૂરી છે. 'તોત્તો-ચાન'ના દ્વિતીય વાચન દરમિયાન પ્રાપ્ત થયેલાં બાળકેન્દ્રી શિક્ષણના કુલ-૧૩ વિચાર બિંદુઓનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું છે.

| ક્રમ | વિચાર બિંદુઓ | ચાવીરૂપ શબ્દો |
|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ જ બાળકની તાલીમનો સૌથી મહત્ત્વનો તબક્કો છે. (પૃ. ૧૪) | પ્રાથમિક વિભાગ |
| ૨ | બાળકનું આગવું વ્યક્તિત્વ વિકસી શકે અને આત્મવિશ્વાસ દૃઢ થાય. (પૃ. ૧૪) | વ્યક્તિત્વ વિકાસ, આત્મવિશ્વાસ |

| | | |
|---|---|---|
| ૩ | બાળકોને કોઇ તૈયાર ચોકઠામાં ન નાખો. એમને નિર્બંધ પ્રકૃતિમાં રહેવા દો ને એમની પ્રફુલ્લ ઇચ્છાઓને રૂંધો નહીં. એમનાં સ્વપ્નાઓ તમારા સ્વપ્નાઓ કરતાં વધુ વિશાળ હોય છે. (પૃ. ૧૫) | નિર્બંધ પ્રકૃતિ, પ્રફુલ્લ ઇચ્છાઓ, સ્વપ્નાઓની વિશાળતા |
| ૪ | બાળકનું વ્યક્તિત્વ બને એટલી સાહજિકતાથી વિકાસ પામે છે. (પૃ. ૧૧) | સાહજિક વ્યક્તિત્વ |
| ૫ | એકવાર રસ પડયો ને લગની લાગી તો અઘરી વાત પણ બાળકો શીખી જવાના. (પૃ. ૧૧૫) | લગની લાગવી, અઘરી વાત શીખવી |
| ૬ | (બાળકો) એમને શીખવવામાં આવ્યું હતું કે, તમારું કામ તલ્લીન થઇને કરો, આસપાસ ભલેને ગમે તે થતું હોય. (પૃ. ૧૦૪) | કામ તલ્લીન થઇ કરવું |
| ૭ | બધાની વચ્ચે ઊભા થઇને જરાય મૂંઝાયા વિના, મુક્ત મને સ્પષ્ટતાથી પોતાના વિચારો રજૂ કરવાની તાલીમ વિદ્યાર્થીઓને મળે તે ખૂબ જ જરૂરી છે. (પૃ. ૭૪) | મૂંઝાયા વિના સ્પષ્ટતાથી વિચારો રજૂ કરવાની તાલીમ |
| ૮ | ખરેખરા જાણકારને કામ કરતો જુએ ને એના પરથી બાળકો જાતે કામ કરતાં થાય એ મહત્ત્વનું છે. (પૃ. ૧૧૩) | બાળકો જાતે કામ કરતાં થાય |
| ૯ | સંગીતથી બાળકોની સંવેદનશીલતા કેળવાવી જોઇએ. (પૃ. ૬૦) | સંગીત, સંવેદનશીલતા |
| ૧૦ | તાલ-વ્યાયામ આખા વ્યક્તિત્વને લયાત્મક કરે છે અને લયબદ્ધ વ્યક્તિ હંમેશા સુંદર અને સશક્ત હોય છે. (પૃ. ૬૧) | તાલ-વ્યાયામ, વ્યક્તિત્વની લયાત્મકતા |
| ૧૧ | સારા સ્વભાવને કાળજીથી ખીલવવો, જેથી બાળક બધાની વચ્ચે પોતાના આગવા વ્યક્તિત્વ સાથે વિકસતું રહે. (પૃ. ૧૧) | સ્વભાવને કાળજીથી ખીલવવો |
| ૧૨ | એમના (બાળકનાં) મનમાં પડેલી શરમ દૂર થાય તો એ લઘુતાગ્રંથિનો ભોગ બનતાં અટકે છે. (પૃ. ૪૧) | મનનું શરમાળપણું, લઘુતાગ્રંથિ |
| ૧૩ | બાળકોમાં હાસ્યની સમજ ઊંડી હોય છે. ભલેને ઉંમરમાં એ નાનાં રહ્યાં, રમૂજવાળી વાત એ તરત પકડી શકે છે. (પૃ. ૩૫) | હાસ્યની ઊંડી સમજ, રમૂજી વાતો |

કોઇપણ રાષ્ટ્રના, સમાજના અને બાળકના સર્વાંગી ઘડતરનો આધાર જે તે રાષ્ટ્રની કેળવણી પર અવલંબે છે. તેત્સુકો કુરોયાનાગીએ 'પ્રાથમિક શિક્ષણ'ને બાળકની તાલીમનો સૌથી મહત્ત્વનો તબક્કો ગણાવ્યો છે. કારણ કે, પ્રાથમિક શિક્ષણ એ આપણી શિક્ષણવ્યવસ્થાની ઇમારતનો પાયો છે. બાળક શરૂઆતનાં વર્ષોમાં જે શીખે છે તે તેના જીવનમાં કાયમ છાપ ઊભી કરે છે. તેથી આ તબક્કે પ્રાથમિક શિક્ષણ આયોજનપૂર્વકનું મળવું આવશ્યક છે. પ્રાથમિક શિક્ષણ અંગે **સુખોમ્લીન્સકી** જણાવે છે કે, **"પ્રાથમિક વર્ગોમાં જ્ઞાનનો પાયો નાંખવામાં આવે છે અને**

**પ્રાથમિક ધોરણો તો પાયાઓનો પાયો છે.” (સવાણી, અતુલ (અનુવાદક). ૧૯૮૫(પ્રથમ આવૃત્તિ). દિલ મેં દિધું બાળકોને. પૃ.૧૩૯)** પાયાની કેળવણી દરમ્યાન જ બાળકનાં વ્યક્તિત્વને સ્વતંત્રપણે વિકસવા દઇએ તો તેનામાં આત્મવિશ્વાસ દૃઢ થાય છે. આત્મવિશ્વાસ કેળવેલું બાળક ગમે તેવી પરિસ્થિતિમાં સરળતાથી સમાયોજન સાધી શકે છે.

બાળવિકાસમાં વાતાવરણ ખૂબ જ મોટો ભાગ ભજવે છે. બાળકને આપવામાં આવેલું મુક્ત વાતાવરણ તેના શારીરિક, માનસિક, સામાજિક, રચનાત્મક તેમજ ભાવાત્મક વિકાસ માટે પોષકરૂપ બને છે. ‘વ્યક્તિત્વનો સાહજિક વિકાસ થવો’ શબ્દાવલી સૂચવે છે કે, બાળકને યોગ્ય તાલીમ આપવામાં આવે તો બાળકનું વ્યક્તિત્વ ખૂબ જ સહજતા પામે છે અને બાળકની આંતરિક શક્તિઓનો વિકાસ થતાં બાળકનો આત્મવિશ્વાસ વધે છે.

લેખિકાએ બાળકોને ‘નિર્બંધ પ્રકૃતિમાં પ્રફુલ્લ ઇચ્છાઓનો વિહાર’ કરવા પર ભાર મૂક્યો છે. શાળામાં બાળકો પર કોઇપણ જાતનું બંધન ના હોવું જોઇએ. બાળકને સ્વતંત્રતા મળવી જોઇએ. પોતે શું કરવા માંગે છે અને પોતે શી ઇચ્છા ધરાવે છે તે મુજબ બાળક વર્તી શકે. બાળકને એમની વૃત્તિ અનુસાર કાર્ય કરવા દો. કારણ કે, બાળકની ઇચ્છાઓ, સ્વપ્નાઓ આપણાં સ્વપ્નાઓ કરતાં વધુ વિશાળ હોય છે. મોન્ટેસરી, ટાગોર, રૂસો પણ પ્રકૃતિ સાથે સંમિતતા સ્થાપવાની વાત કરે છે. **સુખોમ્લીન્સકી** જણાવે છે કે, **“બાળકને પ્રકૃતિના ખોળામાં સાંભળવાની, આસપાસ નીરખવાની તથા અનુભવવાની શક્યતા પૂરી પાડવી જોઇએ.” (સવાણી, અતુલ (અનુવાદક). ૧૯૮૫(પ્રથમ આવૃત્તિ). દિલ મેં દિધું બાળકોને. પૃ. ૪૯)**

વિચાર બિંદુ-૫ માં ‘લગની લાગવી’ આ ચાવીરૂપ શબ્દ બાળકના રસ સાથે સંબંધ ધરાવે છે. બાળકને કોઇપણ બાબતમાં રસ હોય અને એ વાત શીખીને રહેવી છે એવી લગની લાગે તો અઘરામાં અઘરી બાબત હોય તો પણ તે શીખી જાય છે. બાળકોમાં મુક્ત અભિવ્યક્તિનો વિકાસ સધાય એ માટે શાળામાં બાળકને કેન્દ્રમાં રાખીને બધાની વચ્ચે મૂંઝાયા વિના મુક્ત મને રજૂ કરી શકે તેવી તાલીમ આપવી જોઇએ. પોતાના વિચારો સ્પષ્ટપણે રજૂ કરવાની તક મળતાં, બાળકો પોતાના મનમાં રહેલી મૂંઝવણો દૂર કરી શકે, પોતાની આંતરિક શક્તિઓનો વિકાસ સાધી શકે, બાળકો પોતાના વિચારો મૌલિક રીતે રજૂ કરી શકે છે. દરેક બાળકમાં વત્તા-ઓછા પ્રમાણમાં આવડત હોય જ છે, પરંતુ યોગ્ય માર્ગદર્શન મળવું જરૂરી છે. જે તે વિષયનું શિક્ષણ તેના ખરેખરા જાણકાર પાસેથી મેળવે તો બાળક વધુ સારી રીતે શીખી શકે છે. બાળક ખરેખરા જાણકારને પ્રત્યક્ષ કામ કેવી રીતે કરે છે તે જુએ અને પોતે પણ તે પ્રમાણે કામ કરતા શીખે છે. એ વાત બાળકેન્દ્રી શિક્ષણમાં અતિ મહત્ત્વની છે.

બાળકમાં સંવેદનશીલતા કેળવવી એ ખૂબ જ અગત્યનું કાર્ય છે. બાળકોને લાગણીનું શિક્ષણ સંગીત દ્વારા આપી શકાય છે. સંગીત બાળકની ઊર્મિઓને, તરંગોને વેગ આપે એવું હોવું જોઇએ. બાળકો માટે સંગીત રૂઢ વિષય ના બની રહેવો જોઇએ, પરંતુ જીવનનું સ્પંદન બની રહેવું જોઇએ. આ વાતને સમર્થન આપતા **સુખોમ્લીન્સકી** જણાવે છે કે, **“સંગીત અંતરમનને કેળવે છે, લાગણીઓને માનવતામય બનાવે છે. બાળકનું હૃદય તો સંવેદનશીલ સંગીતકારનું હૃદય હોય છે. જેવી રીતે ખેલકૂદ અને વાર્તાઓ વગર ખરું બાળપણ ન હોઇ શકે તેવી જ રીતે**

**સંગીત વગર ખરું બાળપણ હોઇ શકે ખરું ?" (સવાણી, અતુલ (અનુવાદક). ૧૯૮૫(પ્રથમ આવૃત્તિ). દિલ મેં દિધું બાળકોને. પૃ. ૧૦૨)**

બાળકને કેન્દ્રમાં રાખીને શાળામાં શિક્ષણકાર્ય કરવામાં આવે ત્યારે બાળકને શારીરિક રીતે હૃષ્ટપુષ્ટ રાખવાની પણ તાલીમ આપવામાં આવે છે. બાળક રમે છે, દોડે છે તેમાં એક જાતનો લય સમાયેલ હોય છે. તાલ-વ્યાયામ બાળકના આખા વ્યક્તિત્વને લયાત્મક કરે છે. જે કુદરતના લય સાથે પણ સુમેળ સાધે છે. તાલ-વ્યાયામથી બાળક પોતાના શરીરને લયબદ્ધ રીતે સુંદર અને સશક્ત બનાવી શકે છે.

બાળકોને શાળામાં પોતાના શારીરિક તફાવતો અંગે ભણાવવાથી બાળકનાં મનમાં પડેલી શરમ દૂર થાય છે. બાળક પોતાના શરીરને માત્ર શરીર જ ગણે અને બધા જ સરખાં છે એવો અહેસાસ થતાં પોતાના મનમાં પડેલી લઘુતાગ્રંથિ દૂર થાય છે. વિચાર એકમ-૧૩માં બાળકના હાસ્ય વિશેની સમજની વાત કરવામાં આવી છે. બાળકોને રમૂજવાળી વાર્તાઓ, ટુચકાઓ સાંભળવામાં ખૂબ જ આનંદ આવતો હોય છે. ભલેને બાળકો ઉંમરમાં ઘણાં જ નાનાં હોય, પરંતુ અઘરા શબ્દોવાળી રમૂજી વાતો પણ બાળકો તરત જ સમજી જાય છે.

**સંશોધનના તારણો** :

'તોત્તો-ચાન'(અનુભવનિષ્ઠ કૃતિ)માંથી પ્રાપ્ત થતાં બાળકેન્દ્રી શિક્ષણના વિચારો બિંદુઓનું અર્થઘટન કરી તેના આધારે અહીં તારણો રજૂ કરવામાં આવ્યાં છે.

**મુખ્ય તારણો** :

- બાળકના સમતોલ અને ભાવિ વિકાસ માટે પ્રાથમિક શિક્ષણ અનિવાર્ય છે.
- પ્રત્યક્ષ ને મૂર્ત જ્ઞાન એ પ્રાથમિક શિક્ષણનું વાસ્તવિક સ્વરૂપ છતું કરે છે.
- પ્રવૃત્તિમય શિક્ષણ બાળકમાં આત્મવિશ્વાસ, સંસ્કાર અને શ્રમ પ્રત્યેની શ્રદ્ધા ઉત્તેજિત કરવામાં મદદરૂપ થાય છે.

**વિસ્તૃત તારણો** :

- પ્રાથમિક શિક્ષણ બાળકવિકાસનો પાયો છે.
- બાળકમાં આત્મવિશ્વાસ કેળવવો એ શાળાનું પ્રમુખ કાર્ય છે.
- નિર્બંધ પ્રકૃતિમાં બાળકોની ઇચ્છાઓનું પ્રફુલ્લન થાય છે.
- સાહજિકપણે બાળકના આગવા વ્યક્તિત્વનો વિકાસ કરવો આવશ્યક છે.
- સ્પષ્ટતાથી પોતાના વિચારો રજૂ કરવાની તાલીમ બાળકોને આપવી જરૂરી છે.
- સંગીત દ્વારા સંવેદનશીલતાની કેળવણી પૂરી પાડવી.
- તાલ-વ્યાયામ દ્વારા વ્યક્તિત્વને સશક્ત બનાવવું.
- બાળકોમાં હાસ્યની ઊંડી સમજ હોય છે તેનો વિનિયોગ કરવો.

**ભાવિ સંશોધનો અંગેના સૂચનો** :

- 'તોત્તો-ચાન'માં નિરૂપિત પ્રકૃતિવાદી શાળા અને હાલની કોઇ ચીલાચાલુ શાળાનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.
- આદર્શ શાળા અંગેના આચાર્યોના પ્રતિભાવોનો વિશ્લેષણાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

- મૂક-બધિર, વિકલાંગ બાળકોની શાળાનો વ્યક્તિ અભ્યાસ હાથ ધરી શકાય.
- શાળા બહારના અનુભવો દ્વારા થતાં શિક્ષણકાર્યની બાળકોની ગ્રહણશીલતા પર થતી અસરનો અભ્યાસ હાથ ધરી શકાય.

**સંદર્ભ ગ્રંથસૂચિ** :

ઉચાટ, ડી. એ. અને અન્ય (સંપા.). ૨૦૦૨ (પ્રથમ આવૃત્તિ). **ગુણાત્મક સંશોધન.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

દેસાઇ, કે.જી. ૧૯૯૭(છઠ્ઠી આવૃત્તિ). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

રાવળ, સી.વી. ૨૦૦૧(પ્રથમ આવૃત્તિ). **પારિભાષિક કોશ-તત્ત્વજ્ઞાન.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

સવાણી, અતુલ (અનુવાદક). ૧૯૮૫(પ્રથમ આવૃત્તિ). **દિલ મેં દિધું બાળકોને.** મોસ્કો : પ્રગતિ પ્રકાશન.

સોની, રમણ (અનુવાદક).૨૦૧૧(પંદરમી આવૃત્તિ). **તોત્તો-ચાન.** દિલ્હી : નેશનલ બુક ટ્રસ્ટ.